# ભગવાનદાસ પટેલ સંપાદિત મહાકાવ્ય "ગુજરાંનો અરેલો"

**પ્રો.ભૂમિકા એમ. મિસ્ત્રી**
**શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટસ**
**એન્ડ એમ.એચ.ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝા**

આદિવાસી લોકસંસ્કૃતિના પ્રખર અભ્યાસી એવા ડૉ.ભગવાનદાસ પટેલનો જન્મ ૧૯મી નવેમ્બર-૧૯૪૩ના રોજ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના જામળા ગામે થયો હતો. તેમણે હિન્દી વિષય સાથે એમ.એ.ની. ડિગ્રી પ્રાપ્ત કરી કે.ટી.હાઈસ્કૂલ ખેડબ્રહ્મામાં શિક્ષક તરીકે જોડાયા અને છેલ્લે ત્યાંજ નિવૃત્ત થયા. આ સમયગાળા દરમિયાન તેમણે ખેડબ્રહ્માના આદિવાસી વિસ્તારો ફરી આદિવાસી કલા અને સંસ્કૃતિ સંદર્ભે સંશોધન-સંપાદન હાથ ધર્યું.

ડૉ. ભગવાનદાસ પટેલે આદિવાસી લોકસાહિત્યના સંશોધન-સંપાદનમાં માતબર અને ગણનાપાત્ર કામ કર્યું છે. ખેડબ્રહ્માના ડુંગરી ભીલોની કંઠસ્થ રચનાઓનું દોઢ હજારથી પણ વિશેષ સંખ્યાની ઓડિયો કેસેટ્સમાં ધ્વનિમુદ્રણ કરી અભ્યાસ ભૂમિકા સાથે તેમણે ૪૧ જેટલાં પુસ્તકોનું અભૂતપૂર્વ અને અદ્વિતીય ગણાય એવું પ્રકાશન કર્યું છે. ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદ તેમજ કેન્દ્રિય સાહિત્ય અકાદમીએ પણ તેમને પુસ્કારોથી પોંખ્યા છે. ઈ.સ. ૧૯૯૩ થી શરૂ થયેલી ડૉ.ભગવાનદાસ પટેલની લોકસાહિત્ય વિષયક પ્રવૃત્તિ આજ પર્યન્ત ચાલતી રહી છે.

લોકસાહિત્ય ક્ષેત્રે ડૉ. ભગવાનદાસ પટેલે વનવાસી પ્રજાના લોકમહાકાવ્યો- રામાયણ, મહાભારત અને અન્ય ઐતિહાસિક કાવ્યો- 'ગુજરાંનો અરેલો' , 'રાઠોડ વારતા' તથા ભીલ મહાકાવ્યો 'તોળી રાણીની વારતા' અને 'રૂપાં રાણીની વારતા' - જેવા છ મહાન ગ્રંથોનું સંશોધન - સંપાદન કર્યું છે.

'ગુજરાંનો અરેલો' ડૉ. ભગવાનદાસ પટેલ સંપાદિત આદિવાસી સાહિત્યની ઉત્તમ રચનાઓમાનું ઉન્નત શૃંગ ગણાય છે. આ લોકમહાકાવ્ય તેમણે માર્ચ, ૧૯૯૩ માં પ્રગટ કર્યું છે. 'ગુજરાં' એટલે ' ગૂર્જરો' અને 'અરેલો' ભગવાનદાસ પ્રમાણે હડી (અરી) કાઢીને ગવાતી દીર્ઘ કથાકાવ્યની, શાંતિભાઇ આચાર્ય પ્રમાણે 'ઈડ' અર્થાત પરાક્રમ ગાથાની રચના. આ લોકમહાકાવ્ય 'ગુજરાંનો અરેલો' માં ભગવાનદાસ પટેલે આદિવાસી ડુંગરી ભીલોમાં આસો માસના નોરતાં અને દિવાળીના પર્વની આસપાસના દિવસોમાં નૃત્ય સાથે વિલંબિત લયે ગવાતા 'અરેલા' કે 'હડેલા' ના સ્વરૂપ વિશે વિશદ અભ્યાસ રજૂ કરી તેનું સંશોધન અને સંપાદન કર્યું છે. રાજસ્થાનમાં 'બગડાવત- દેવનારાયણ' નામે પ્રસિધ્ધ લોકમહાકાવ્યનું આ ભીલી રૂપાંતર છે.

ડૉ. ભગવાનદાસ સંપાદિત ખેડબ્રહ્મા વિસ્તારના આદિવાસીઓની કંઠસ્થપરંપરાનું આ મહાકાવ્ય એટલે ' ગુજરાંનો અરેલો. ઉત્તર ગુજરાતના આદિવાસીઓમાં દિવાળીની રાતે અરેલાં ગાવાનો રિવાજ પ્રચલિત છે. નોરતાં શરૂ થાય

ત્યારથી કાર્તિકી પૂનમ સુધી આ ગીતોગવાય છે. સ્ત્રીઓ આ ગીત ગાતી નથી એટલે પુરૂષો સ્ત્રીઓનો કે દેવીઓનો વેશ લઈ આ ગીતો ગાય છે. ગીતની સાથે સાથે જ નૃત્ય કરી રહેલા ગાયક કોઈપણ હિસાબે પોતાની ગતિ ટકાવી રાખવા મથે છે. અરેલાએ માત્ર ગીત નથી, એમાં કથાવાર્તાનું તત્વ પણ પ્રબળમાત્રામાં હોય છે.

'ગુજરાંનો અરેલો' ની કથાના સંપાદન સંદર્ભે ડૉ. ભગવાનદાસ પટેલના જણાવ્યા પ્રમાણે ઈ.સ. ૧૯૮૩માં ગુજરાત અને રાજસ્થાન રાજયની સરહદે આવેલા બહેડિયા ગામમાંથી અરેલાના સમર્થ ગાયક સ્વ.ગમાર જીવાભાઈ ઝાલાભાઈ પાસેથી આ કથા ધ્વનિમુદ્રિત કરેલી. જો કે આ પહેલાં ખેડબ્રહ્મા તાલુકા પાંચ મહુડા ગામના ગમાર રાજાભાઈ ધૂળાભાઈ અને બનાસકાંઠાના દાંતા તાલુકાના મચકોડા ગામના ભકતાભાઈ રોહીસા પાસેથી કેટલાક અરેલા ધ્વનિમુદ્રિત કરેલા. પછી આ પૂરી પરંપરા એમને જીવાભાઈ ગમાર પાસેથી મળી અને પૂર્ણ રૂપમાં 'ગુજરાંનો અરેલો' ધ્વનિમુદ્રિત થયેલો.આવા અરેલા બાર છે પણ આર્થિક સંકડામણને લીધે, કેવળ ત્રણ જ અરેલાનું ધ્વનિમુદ્રણ થઈ શકેલું.

'ગુજરાંનો અરેલો' લોકમહાકાવ્ય લગભગ બસો પૃષ્ઠોમાં વિસ્તારીત છે, જેમાં અરેલાની કથાનું ગદ્ય રૂપાંતર રજૂ થયું છે. પુસ્તકનાં પ્રારંભે દીર્ઘ પ્રસ્તાવનામાં અરેલાનો સમગ્ર ધાર્મિક, સાંસ્કૃતિક સંદર્ભપણ આપવામાં આવ્યો છે. સાથે એ ગાવાની તેમજ એને રજૂ કરવાની આખી પદ્ધતિ સુવ્યવસ્થિત રીતે સમજાવવામાં આવી છે. દિવાળી વખતે જે બાર અરેલા ગવાય છે તેમાં 'ગુજરાનો અરેલો' એક છે.

આ અરેલાના બે મુખ્ય પ્રકાર છે. એક દેવિયાવાળાના (દેવ કથાના) અરેલા અને મનખીવાળાના (મનુષ્ય કથાના) અરેલા. 'ગુજરાંનો અરેલો' મુખ્યત: મનખીવાળાનો અરેલો છે. તેમ છતાં તેમાં દેવિયાવાળાના રંગો પણ ઠીકઠીક અંશે પુરાયા છે. અર્થાત્ તે સંમિશ્ર સ્વરૂપનો અરેલો છે. સમયના બદલાતા વહેણ સાથે આદિવાસીઓને સામાજિક- સાંસ્કૃતિક સંદર્ભો બદલવા પડયાં છે. પરિણામે હવે નવા અરેલા રચાતા બંધ થઈ ગયા હોઈ આ સ્વરૂપનો વિકાસ અટકી ગયો છે. પરંતુ ઉપલબ્ધ અરેલાના સંપાદન થકી ભગવાનદાસે લોકસાહિત્યની બહુ મોટી સેવા કરી છે, એમાં બેમત નથી.

ડૉ. ભગવાનદાસ પટેલે 'ગુજરાંનો અરેલો' મહાકાવ્યમાં મૂળ પરંપરા પ્રાપ્ત કંઠસ્થ ગેય અરેલાના પાઠને તેના અસલ ગાન-સ્વરૂપમાં લિપિબધ્ધ કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. તેમજ અરેલાના મૂળ પાઠને અંતે 'શબ્દાર્થ સૂચિ' મુકાઈ છે, અને તેમાં અપરિચિત કઠીન ભીલી બોલીના શબ્દોના ગુજરાતી ભાવાર્થ પણ અપાયા છે. ૧૫ જેટલા ચિત્રો-ફોટોગ્રાફસથી સુશોભિત આ ગ્રંથ એક રોમાચંક લોકકથા તરીકે પણ વાંચવો ગમે તેવો આકર્ષક છે. તેમજ લોકવિદ્યાના અભ્યાસીઓનો સાંસ્કૃતિક સંદર્ભગ્રંથ બની શકે એવી ક્ષમતા ધરાવતો આ ગ્રંથ સંપાદક ભગવાનદાસ પટેલની સંશોધન સજજતા, અભ્યાસનિષ્ઠા અને વિવેચન કૌશલ્યની પ્રતિતિ કરાવે છે.

**સંદર્ભસૂચિ**

૧. યાજ્ઞિક હસુ, ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનો ઈતિહાસ

૨. પટેલ ભગવાનદાસ, ગુજરાંનો અરેલો - આદિવાસી લોક મહાકાવ્ય

૩. જાદવ અમૃત,ઉત્તર ગુજરાતનું ગ્રંથસ્થ આદિવાસી લોકસાહિત્ય